

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભાવની માપપટ્ટીથી મોંઘવારી મપાય છે -*
*ને જીડીપીના ભાર નીચે વિકાસ દબાય છે!*
*છૂપાય દંભી દુ:ખ ઉત્સવોના મ્હોરાં પાછળ -*
*દેખાય છે સુખી પ્રજા પણ જીવ કપાય છે.*
*(દુ:ખો પર દંભનું લીંપણ)*

### હાઈકુ

*આવે ન ઊંઘ*
*ઓઢી લે છે અંચળો -*
*આત્મ-હત્યાનો...*

*તરી જાય છે*
*એકમેકને ટેકે -*
*ખોટા ખેડૂત!!*

### ચિંતન

**ગુણવદ્ગુણવદ્વા કુર્વતા કાર્યમાદૌ પરિણતિરવધાર્યા યત્નતઃ પણ્ડિતેન ।**
**અતિરભસકુતાનાં કર્મણામાવિપત્તે - ર્ભવતિ હૃદયદાહી શલ્યતુલ્યો વિપાકઃ ॥**

**ઉપરોક્ત શ્લોક 'ડિવાઈન સંસ્કૃત સુભાષિત'માંથી લેવામાં આવેલ છે.**

**કરેવા પહેલાં જે કર્મ છો સાર ભર્યું કે અસારભર્યું**
**વિચારવું પરિણામ, સજ્જન વિષે ડહાપણ ભર્યું,**
**પરિણામ અવિચારી કર્મનું આજીવન મનુષ્યને**
**બાળતું કે શૂળ સમું ભોંકતું એ હૃદયને**

**તમારા શબ્દો અને એની અસર સામેની વ્યક્તિ પર શી થશે એ સંપૂર્ણપણે વિચારી, એના પરિણામ અને પ્રત્યાઘાત કયાં કેવા પડશે. આ બધું જ વિચારીને તમારે શબ્દો-બોલ-સલાહ-સૂચન-અભિપ્રાય આપવા જોઈએ. ધૂળા ઘસના નહીં - બાફવું નહીં - ગંભીર વિચાર કર્યા પછી જ બોલવું.**

### સુવિચાર

- વાલ્મીકિ આવ્યા, શેક્સપિયર આવ્યા, દારાશિકોહ આવ્યા, રવિન્દ્રનાથ આવ્યા. આવા લોકો જગતને એવી ચીજ આપીને ગયા છે જે સદાને માટે જીવનને સમૃદ્ધ બનાવે - **વિનાબા ભાવે**
- જોવા માટે આંખ જોઈએ, સાંભળવા માટે જોઈએ અહંકારે જો તે બંધ કર્યા હોય તો, એંસી વર્ષ સત્સંગમાં પડ્યા રહો તો પણ કંઈ થશે નહીં - **જે. કૃષ્ણમૂર્તિ**
- આ દુનિયામાં સાચા દોસ્ત... એટલે જ વધ્યા છે જેટલા જંગલમાં સિંહ - **એસ. ભટ્ટાચાર્ય**
- સિર્ફ તર્ક કરનેવાલા દિમાગ એક એસે ચાકુ કી તરહ હૈ જિસમેં સિર્ફ બ્લેડ હૈ!
  યહ ઈસકા પ્રયોગ કરને વાલે કે હાથ સે ખૂન નિકાલ દેતા હૈ - **રવિન્દ્રનાથ ટાગોર**
- 'ખબર અંતર'નો અર્થ એ છે કે 'અંતર' ભલે ગમે તેટલું હોય...
  પરંતુ 'ખબર' એ જ સાચી લાગણી - **જિતેન્દ્ર પાનવાલા**
- વેગે વહેતાં વારિમાં, પ્રતિબંધ ન ભાસે રે, તેમ ડગમગે દિલ જયાં લગ્ન,
  બ્રહ્મ ન પ્રકાશે રે - **સ્વામિ મુક્તાનંદ**
- આજનું ઔષધ : કૉફી પાઉડર પાણીમાં નાખી તે ઉકાળામાં એકાદ લવિંગ નાખી ચપટી મીઠું નાખી કોગળા કરવાથી દાંતનો સામાન્ય દુખાવો તરત મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકવાર ગુરુ મત્સ્યેન્દ્રનાથ તેમના શિષ્ય ગોરખનાથ સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં નદી, જંગલ, પર્વત, ખીણ આવવાના હતા. શિષ્યે એગુરુના ચહેરા પર ભયની રેખાઓ જોઈ. ગુરુને વ્યાકુળ જોઈ ગોરખનાથે કહ્યું, 'આપ જ્યારથી નીકળ્યા છીએ ત્યારેથી કંઈ ભયભીત જણાઈ રહ્યા છો. આપ જેવા ચમત્કારી પુરુષને વળી ભય કેવો ?' ગુરુએ ગંભીર થઈને કહ્યું, 'આપની વાત સાચી છે, તું આ ઝોળી સંભાળ. તેમાં સોનાના સિક્કા છે, નિર્જન જંગલમાં લૂંટારાનો ભય મને સતાવી રહ્યો છે.' આટલું કહી ગુરુએ ગોરખનાથને સોનાના સિક્કાથી ભરેલી ઝોળી આપી દીધી. થોડીવાર ચાલ્યા ત્યાં એક નદી આવી. ગુરુએ નદી ઓળંગી અને શિષ્ય તેમની પાછળ પાછળ નદી પસાર કરી. ગોરખનાથે સિફતપૂર્વક પેલી સિક્કા ભરેલી ઝોળી નદીમાં પધરાવી દીધી. નદી તરીને ગુરુ શિષ્યને સામે કિનારે પહોંચ્યા અને ગુરુએ કહ્યું, 'ભાઈ ગોરખ. હવે જે જંગલ આવશે તેમાં વધારે ભય જેવું છે. માટે સંભાળજે.' ગોરખનાથે કહ્યું, 'ગુરુદેવ, ભયને તો મેં નદીમાં પધરાવી દીધો છે.' ગુરુએ પૂછ્યું 'નદીમાં પધરાવી દીધો?' ગોરખનાથ, 'હા, ગુરુદેવ, જુઓ, આપને જે ભય લાગતો હતો તે બધો જ આ ઝોળીમાં ભરેલો હતો. એટલે મેં એ ઝોળી જ નદીમાં પધરાવી દીધી છે.' ગુરુને આશ્ચર્ય થયું ત્યારે ગોરખનાથે કહ્યું, સોનાના સિકકા જ ભયનું કારણ હતા એ ઝોળીને નદીમાં પધરાવી દીધી એટલે આપણે નિર્ભય થઈ ગયા.' ગોરખનાથનો જવાબ સાંભળી ગુરુ મત્સ્યેન્દ્રનાથ આનંદમાં આવી અને બોલ્યા, 'મારી પરીક્ષામાં તું ઉત્તીર્ણ થયો છે.'

# હજુ, શરદ પવારનો પાવર યથાવત

**તંત્રીસ્થાનેથી...**

બધા જાણે છે કે પવાર અને મદી વચ્ચે જબરદસ્ત ટ્યૂનિંગ છે. મોદીએ વસંતદાદા પાટિલ સુગર ઈંસ્ટિટયુટના પ્રસંગ ટાણે જાહેરમાં કબૂલ કર્યું હતું કે ગુજરાતની ગાદી સંભાળી ત્યારે એ પવારની આંગળી પકડીને ચાલતાં શીખ્યા હતા કારણ કે વહીવટનો એમને નામનોય અનુભવ ન હતો. પવારની વિચક્ષણ રાજીકીય કુનેહ એમને નહેરુ-ગાંધી પરિવાર સામે ખુલ્લો બળવો કર્યા પછી પણ કોંગ્રેસના વિશ્વસનીય સાથી અને સત્તાના ભાગીદાર તરીકે ટકી રહેવામાં મદદરુપ થતી રહી છે. તેઓ અડૂક દડૂકિયા નેતા નથી, પરંતુ પોતાની શરતે રાષ્ટ્રીય ગઠબંધનમાં જોડાય છે કે છૂટા પડે છે. વાજપેયી સરકાર હોય કે મનમોહન સરકાર : પવાર બેઉને સમાન રીતે માન્ય છે અને એમને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં પદ-પ્રતિષ્ઠા સામે ચાલીને સત્તાધારી પક્ષોએ આપવાં પડ્યાં છે. સોનિયા ગાંધીના વિદેશી મૂળનો વાંધો ઉઠાવી પોતાની આગવી પાર્ટી રચનારા આ મરાઠા નેતાએ છેલ્લે એ જ સોનિયા ગાંધીની ઈચ્છા વિરુદ્ધ કોંગ્રેસનું સમર્થન સામા છેડાની વિચારધારાને વરેલી શિવશેનાને અપાવ્યું એટલું જ નહીં, એ સમર્થન બહારથી નહીં પંરતુ સરકારમાં ભાગીદારી સાથેનું સુનિશ્ચિત કરાવી ઉદ્ધવ ઠાકરેને પૂરાં પાંચ વર્ષ માટે નિશ્ચિંત કરી દીધા. બિનઅનુભવી ઉદ્ધવ માટે પડદા પાછળના સુપર ચીફ મિનિસ્ટર કમ પોલિટિક્સ એડવાઈઝરની ભૂમિકા શરદ પવાર ભજવી રહ્યા છે. વણસી ચૂકેલી રાજકીય બાજીને પાછી ઠેકાણે લાવવામાં પવારની હરિફાઈ ભાગ્યે જ બીજો કોઈ નેતા કરી શકે.

રાતોરાત અજિત પવારને પાંખમાં લઈ પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસે સરકાર બનાવી દીધી એની પાછળ પણ પવારની જ પોલિટિકલ ગેમ હોવાની શંકા સકારણ હતી. પવાર કયારે કેવો દાવ ખેલશે એની સમજણ પડતાં ભાજપના નેતાઓને સો અવતાર લેવા પડશે - એવું નિવેદન ખુદ શિવસેનાના પ્રવક્તા સંજય રાઉતે જ કર્યું હતું. હકીકત ખુદ પવારના મુખે બહાર આવી છે જેમાં મોદી સાથેની એમની મુલાકાત વેળાએ સાથે મળીને 'કામ' કરવાની ઓફર થઈ હતી. એ ઓફરના ભાગરૂપે પવારપુત્રી સુપ્રિયા સુલેને કેન્દ્રમાં કેબિનેટ મંત્રીપદ મળવાનું હતું. રાજયમાં સત્તાની ભાગીદારી, નાયબ મુખ્યમંત્રી પદ અને કેન્દ્રમાં પણ સ્વજન, બલકે એક માત્ર વારસ એવી પ્રિય દીકરીને પ્રધાનપદું - આટલી ઓફર કંઈ ઓછી તો ન જ ગણાય. પણ પવાર પોતાની પોલિટિકલ ઈમેજ ખરડાવા દેવા નહોતા માગતા. બનવાજોગ કે વર્તમાન રાષ્ટ્રપતિની મુદત પૂરી થયા પછી એમને એ સર્વોચ્ચ પદ આપવાની ઑફર પણ કરાઈ હોય. પવાર જો કે એ બાબતે કશી ચર્ચા થયાનું સ્વીકારશે નહીં, કારણ કે પોતાની ઈમેજની જેમ એમને મિત્ર મોદીની ઈમેજની પણ ખેવના છે જ. એમને બહુ નિખાલસપણે કબૂલ્યું છે કે એમને મોદી સાથે તો વાંધો હતો નહીં - વાંધો અમિત શાહ સામે હતો ! રાજકારણમાં કયારે કેવા સમીકરણો આકાર લેશે તે કહેવું કે કળવું અઘરું છે. પવારે હાંસિયે ધકેલાઈ ગયેલા નેતા પણ ધારે તો કુનેહપૂર્વક 'કમબૅક' કરી શકે છે, એનો દાખલો બેસાડ્યો છે.

# જૈસી કરની વૈસી ભરની...?

નવાં કલેવર
નટવર હેડાઉ



શહેરમાંથી અભ્યાસપૂર્ણ થતાં ગરિમા ને ગામડાંની શાળામાં નિમણૂંક મળી હતી. તે એવી શિક્ષિકા હતી કે શાળાના પ્રાંગણમાં જતાં જ બાળકો તેને ઘેરી વળતાં, તેને એ ખુબ ગમતું. તેની સાથે બાળકો ખુબ હળી મળી ગયા હતા. માધ્યમિક શાળાના દસ અને બારમાના વિદ્યાર્થીઓને તે આદર્શ માનતા. ફક્ત સ્કૂલમાં જ નહીં પણ તે જયાં રહેતી હતી તે સોસાયટીના બાળકોમાં પણ તેનું ખૂબ જ માન હતું.

પરીક્ષાઓ નજીક આવી રહી હતી. પાડોશમાં રહેતી સવિતાએ તેને આગ્રહ કર્યો કે મારી દીકરીનું અંગ્રેજી જરા નબળું છે. તો થોડા દિવસ ટ્યુશન રાખીને તેને રિવીઝન કરાવી દે. તેણે નમ્રતાપૂર્વક કહ્યું કે હવે તો પરીક્ષાને માંડ પંદર દિવસ બાકી રહ્યા છે. તેમાં આખા વિષયનું રિવીઝન કરાવવું મુશ્કેલ છે. ઘણા બધા પાઠ છે. ને વળી વ્યાકરણ પણ ખરું, હાં જો તમારી દીકરીને કંઈ મુશ્કેલી જેવું લાગતું હોય તો જરૂર મોકલજો હું સોલ્વ કરી દઈશ. પણ પાડોશન તો રિવીઝનની વાતને વળગી રહી. છેવટે હારીને ગરિમાએ કહ્યું કે આખા વિષયના રિવીઝનની ફી બે હજાર થશે. થોડો સમય હોવા છતાં તે તેનો બનતો બધો જ પ્રયત્ન કરશે. કેમ કે કોર્ષ ખૂબ જ લાંબો છે.

**મારે જયારે ટ્યુશન ફીના બે હજાર રૂપિયા લેવાના હતા ત્યારે તેણે પંદર દિવસ લગાડી દીધેલા. અને પોતાના વીસ રૂપિયામાં તેને ધીરજ ન રહી.**

રિવીઝન થઈ ગયું. બે હજાર રૂપિયા આજ આપું કાલ આપુ... કરતાં પંદર દિવસ નીકળી ગયા. પરીક્ષા પણ પતી ગઈ. પાડોશનની દીકરી પાસ પણ થઈ ગઈ.

ગરિમા જે વિસ્તારમાં રહેતી હતી તે મધ્યમવર્ગ અને ગરીબ વર્ગના લોકોનો વિસ્તાર હતો. સૌ કોઈ નાના મોટા ધંધા, નોકરી કે મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. જેની દીકરીને રિવીઝન કરાવેલું તે ગરિમાની પડોશણ સવિતાને બાંધકામના સાધનો જેમને નીસરણી, ઘોડી, તગારા, પાવડા ભાડે આપવાનો બિઝનેશ હતો.

ગરિમાને કોઈ કામ માટે નીસરણીની જરૂર પડી. તેણે નીસરણી મંગાવી.પાડોશણ સવિતાએ નીસરણી મોકલવાની સાથે કહેવડાવ્યું કે બે દિવસનું નીસરણીનું ભાડું વીસ રૂપિયા થશે.

ગરિમાને હમણાંથી શાળાનું કામ વધુ રહેતું હતું. તેમાં નવરી પડતી ન હતી. પરંતુ સવિતાને તેના વીસ રૂપિયા ન મળતાં તેણે તકાજો કર્યો.

શિક્ષિકા ગરિમાએ વીસ રૂપિયા તેને આપતાં વિચાર કર્યો કે મારે જયારે ટ્યુશન ફીના બે હજાર રૂપિયા લેવાના હતા ત્યારે તેણે પંદર દિવસ લગાડી દીધેલા. અને પોતાના વીસ રૂપિયામાં તેને ધીરજ ન રહી.

# સ્નેહીજનની શુભનિષ્ઠાને ધ્યાનમાં લઈએ, નહીં કે તેમના વિવેકભાનને

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk



ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં અત્યાર સુધીમાં બે અભિનેતાઓને સુપરસ્ટારનું બિરુદ મળ્યું છે. સૌથી પહેલું જે અભિનેતાને બિરુદ મળ્યું એ હતા રાજેશ ખન્ના. ત્યાર પછી જેમને બિરુદ મળ્યું એ 'ઓલ ટાઈમ સુપરસ્ટાર' અમિતાભ બચ્ચન.

રાજેશ ખન્નાનો સુપરસ્ટાર તરીકે એક જમાનો હતો જે કદાચ કોઈએ માન્યો નથી. રાજેશ ખન્ના જયારે સુપરસ્ટાર હતા ત્યારે અમિતાભ બચ્ચનને ખાસ કોઈ ઓળખાતું ના હતું અને તેઓ ફિલ્મ ઉદ્યોગમાં પોતાનો પગ જમાવવા મથામણ કરી રહ્યા હતા. સન. ૧૯૭૧માં રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચન અભિનિત એક સર્વાંગ સુંદર ફિલ્મ 'આનંદ' નું નિર્માણકાર્ય ચાલી રહ્યું હતું. અમિતાભ બછણ એક સશક્ત અભિનેતા હતા પણ એ સમયે એક સશક્ત અભિનેતા તરીકે અમિતાભ બચ્ચનની એટલી ઓળખ ઊભી થઈ ન હતી અને રાજેશ ખન્ના સુપરસ્ટાર હતા. 'આનંદ' ફિલ્મમાં રાજેશ ખન્નાને અભિનય કરવાની તક કેવી રીતે મળી તેની પણ એક અલગ અને રસપ્રદ કહાની છે પણ એ વાત અહી અસ્થાને છે. 'આનંદ'ના શૂટીંગ દરમ્યાન પોતે સુપરસ્ટાર છે એવું વર્તન રાજેશ ખન્નાએ ક્યારેય કર્યું ન હતું. આ ફિલ્મનાં શૂટીંગ દરમ્યાન બંને અભિનેતાઓ રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચન એકબીજાની નજીક આવી ગયા હતા.

'આનંદ'નાં નિર્માણકાર્ય દરમ્યાન રાજેશ ખન્નાનો જન્મ દિવસ આવતો હતો. જન્મદિને રાજેશ ખન્નાને શુભેચ્છા પાઠવવા અમિતાભ પહોચી ગયા તેમને ઘેર. અમિતાભ તેમને ઘેર પહોચ્યાં ત્યારે રાજેશ ખન્ના એકદમ સાદા પોષાકમાં હતા અને તેમનાં ઘરમાં પણ જન્મ દિવસ જેવી કોઈ જ પ્રકારની ચહલ-પહલ ન હતી. એક સુપરસ્ટારનો જન્મદિવસ હોય અને જેવુ હોવું જોઈએ એવું તેના ઘરમાં વાતાવરણ જ ન હતું. ઘરનું વાતાવરણ જોઈને અમિતાભને આશ્ચર્ય થયું. અમિતાભે ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે રાજેશ ખન્નાએ અમિતાભનું ઉમકાળભેર સ્વાગત કર્યું. અમિતાભે પણ ઉષ્માપૂર્વક રાજેશ ખન્નાને જન્મદિનની શુભેચ્છા પાઠવી. અમિતાભની શુભેચ્છાનો રાજેશ ખન્નાએ સસ્મિત સ્વિકાર કર્યો અને આભારની લાગણી વ્યક્ત કરી. ત્યાર પછી રાજેશ ખન્નાએ ઝડપથી પોષાક બદલ્યો, તૈયાર થયા અને અમિતાભને સાથે લઈને 'આરાધના' 'કટી પતંગ' જેવી સફળ ફિલ્મોનાં દિગ્દર્શક શકિત સામંતને ઘરે ગયા. સૌએ સાથે મળીને ત્યાં ભવ્ય ડિનર લીધું.

એ દિવસે રાજેશ ખન્નાને ત્યાં જન્મદિન જેવુ વાતાવરણ ન હતું એનું કારણ એ હતું કે એ દિવસે તેમનો જન્મ દિવસ જ ન હતો. હકીકત એવી હતી કે રાજેશ ખન્નાનો જન્મ દિવસ ઓગણત્રીસ ડિસેમ્બરે હતો જયારે અમિતાભ બચ્ચન ભૂલથી જન્મ દિવસનાં આગલા દિવસે એટલે કે અઠયાવીસ ડિસેમ્બરે તેમને શુભેચ્છા આપવા તેમના ઘરે પહોંચી ગયા હતા. આમ છતાં પોતાના વર્તન કે વ્યવહારમાં રાજેશ ખન્નાએ ક્યાય એવો અણસાર ન આવવા દીધો કે અમિતાભ એક દિવસ વહેલા શુભેચ્છા પાઠવવા આવ્યા છે જેથી કરીને અમિતાભ બચ્ચનને કોઈ જ પ્રકારનો ક્ષોભ થાય કે શરમ અનુભવવી પડે.

એ સમયે રાજેશ ખન્નાનો સિતારો આસમાને ચમકતો હતો અને અમિતાભ એક સામાન્ય અભિનેતા હતા એટલે કદાચ શુભેચ્છા પાઠવવાનાં અતિ ઉત્સાહને કારણે અમિતાભ બચ્ચન આ પ્રકારની ભૂલ કરી બેઠા હોય પણ શુભેચ્છા પાઠવવા પાછળ તો તેમની સહકલાકાર કે મિત્ર પ્રત્યેની એક સ્નેહની લાગણી જ હોય.

આપણને સૌને ક્યારેક તો આ પ્રકારનો અનુભવ થયો જ હોય છે. ક્યારેક આપણે અમિતાભ બચ્ચનની પરિસ્થિતિમાં તો ક્યારેક રાજેશ ખન્નાની પરિસ્થિતીમાં મુકાયા હશું અને આવું થાય ત્યારે બંને પક્ષે કેવી લાગણી થાય એ લાગણીઓને આપણે સૌએ મહેસુસ કરી જ હશે. આ બે પ્રકારમાંથી આપણે કઈ ભૂમિકામાં મુકાયા હોઈએ એ મહત્વનુ નથી પણ એ સમયે આપણાં વ્યવહાર અને વર્તન કેવા રાખી શકીએ છીએ એ વધારે મહત્વનુ છે.

આપણને સૌને ક્યારેક ને ક્યારેક તો એવો અનુભવ થયો હશે કે લગ્ન જેવા કોઈ શુભ પ્રસંગે કોઈ સ્નેહી કે સંબંધી પ્રસંગના સમય કરતાં બહુ વહેલા ઉપસ્થિત થઈ ગયા હોય અને આપણે તેમની આગતા-સ્વાગતા માટે માનસિક રીતે પણ તૈયાર ના હોઈએ અને અન્ય પણ તૈયારી ના હોય. ક્યારેક પ્રસંગ પૂરો થવાના સમયે કે પ્રસંગ પૂરો થઈ ગયા પછી પણ સ્નેહી કે સંબંધી ઉપસ્થિત થઈ જતાં હોય છે અને એ સમયે પણ આપણે માનસિક રીતે તૈયાર નથી હોતા. આવું થાય ત્યારે યજમાન ખૂબ જ કંફોળી પરિસ્થિતી મુકાઈ જતાં હોય છે. જન્મ દિને કે લગ્ન સંવત્સરીનાં પ્રસંગે કેટલાક સ્નેહી-સંબંધીઓ અડધી રાત્રે કે વહેલી સવારે શુભેચ્છા પાઠવવા માટે આપણને ઢંઢોળતા હોય છે અથવા તો આપણે સ્નેહીઓને ઢંઢોળતા હોઈએ છીએ. ત્યારે પણ વ્યકિત પોતાને પાઠવવામાં આવતી શુભેચ્છાનો યોગ્ય પ્રતભાવ આપી શકે એવી હાલતમાં ક્યારેક નથી હોતી. ક્યારેક વ્યક્તિની વ્યસ્ત ક્ષણો વચ્ચે કોઈ સ્નેહી કે સંબંધી આગોતરી જાણ વિના મહેમાન બનીને પધારતા હોય છે ત્યારે યજમાનની હદયની ઈચ્છા હોવા છતાં મહેમાનની આગતા-સ્વાગતા કરવા માટે મુશ્કેલી અનુભવતા હોય છે. આ પ્રકારની પરિસ્થિતીમાં બંને પક્ષો ઈરાદાઓ એકદમ નેક હોય છે છતાં એક વ્યકિતને કારણે બીજી વ્યકિત મુશ્કેલીમાં મુકાઈ જતી હોય છે અથવા તો એક વ્યકિતને કારણે બીજી વ્યકિતની હાલત કંફોળી જતી હોય છે. આ પ્રકારની ઘટનાઓમાં બંને પક્ષે પ્રેમ અને સ્નેહની અભિવ્યકિત સિવાય બીજું કશું જ નથી હોતું. આ સમયે બંને પક્ષે બુદ્ધિપૂર્વકનાં સમજપૂર્વકનાં વર્તન અને વ્યવહાર થકી જ પરિસ્થિતીને સંભાળી લેવાની હોય છે. વર્તન-વ્યવહારમાં જો ક્યાંક પણ ચૂક થઈ ગઈ તો બેમાંથી કોઈ એક પક્ષની હાલત કંફોળી થઈ જતી હોય છે અને તેને કારણે બંનેના સંબંધોમાં ક્યારેક જીવનભરની તિરાડ પડી જતી હોય છે.

# નારી ઉત્પીડન, શોષણ, બળાત્કાર કઈ રીતે અટકાવી શકાય?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com



તાજેતરમાં હૈદરાબાદ ખાતે તથા ગુજરાતમાં વિવિધ શહેરોમાં ખતરનાક દયાહીન બળાત્કારના કિસ્સા જાહેર થતા જનઆક્રોશ ભભૂકી ઊઠ્યો. બળાત્કાર જેવી નિંદનીય ઘટનાઓ સતત થતી જ રહે છે અને મીડિયામાં તેને ઉજાગર કરવામાં આવે આ ઉપરાંત ટીવી ચેનલ્સ ઉપર ડિબેટ થાય. વધુ બે-ચાર દિવસ આવેશ ને આધિન થાય રોડ ઉપર કેન્ડલ માર્ચ નિકળે, ભોગ થયેલા પરિવારને આશ્વાસનો આપવામાં આવે અને છેવટ તો બધું નિરર્થક બની જતું હોય છે. નારી સન્માન શા માટે લુપ્ત થઈ રહ્યું છે ?

એ ચિંતન નો મુદ્દો છે. ગૌ, ગંગા, ગાયત્રીની વાતો કરતા કરતા બધા સતત્ મન અને આંખોમાં વિકારના કીડા લઈ વ્યવહારો કરતા જોવા મળે છે. નારી ઉપર કઈ રીતે પીડાનો ઘા કરવો અથવા તેનો ઉપભોગ કરવો એ બધા લોકોની વિકૃત માનસિકતા બની ગઈ છે. તેમાં પણ કહેવાતા બાવા બાપુ અને લેભાગુ તત્ત્વો જ્ઞાનની આડશમાં સ્વયંની કામ વાસના સંતોષવાના કાળા કારનામાને અંજામ આપતા રહે છે. આ આજની કડવી હકીકત છે. સંસારી લોકોનાં બાળકો યુવાનો અને વૃદ્ધો પણ કામ વાસનાપૂર્તિમાં મદદ મળે તેવા માર્ગોમાં સતત્ વ્યસ્ત રહેતા જોવા મળે છે. એકબાજુ પછાત અતિ ગરીબીમાં જીવતા પરિવારની મહિલાઓ ઝડપથી આવા લોકોનો શિકાર થાય છે. બીજી તરફ વ્યસની સમાજ સ્ત્રીને વાસના પૂરી કરવાના સાધન તરીકેની ગંદી દૃષ્ટિ અને માનસિકતા રચી ચૂક્યો છે. શરાબ અને શબાબ વિના જાણે કે જીવન અધૂરુ છે તેવી સમજ કેળવાઈ ગઈ છે. શહેરોમાં જે ગીચતાનું વાતાવરણ છે તેમાં હવે કંઈ ખબર જ પડતી નથી કે ક્યાં શું ચાલી રહ્યું છે !! દેહ વ્યાપારનું ફલક ઝડપથી વિસ્તરતું જાય છે અને જે લોકો તેમાં જોડાતા નથી એ તક મળતા નારી ઉપર વિકૃત ઈરાદાથી તૂટી પડતા હોય છે. આ એક વૈચારિક વિકૃતિ સમાજમાં વધુ વ્યાપક બની તેમાં મોબાઈલ્સ અતિ ખરાબ ભૂમિકા ભજવે છે. સતત્ ઈન્ટરનેટ ઉપરથી ઉપલબ્ધ વિકૃતિઓ વ્યક્તિના સમગ્ર અસ્તિત્વને ખતરનાક હદે બગાડી દે છે. અભણ લોકો, મજૂરી કરતા લોકો, વ્યસનમાં ડૂબેલા લોકો પોર્નોગ્રાફીમાં સતત વ્યસ્ત રહેતા જોવા મળે છે. જે વાસનાની આગમાં ઘી ઉમેરવાનું કામ કરે છે. જે લોકો બીજાના આદર્શ બનવા જોઈએ તેવા લોકો પણ માર્ગ ભટકેલા મુસાફર જેવા થઈ ગયેલા છે આનો મતલબ એ થાય છે કે નારી ભોગવટાની મનોવૃત્તિ પ્રતિદિન વિસ્તરતી જ જાય છે. નાની ભૂલકી ઉપર પણ માનવીય સંબંધોની ઋજુતા પ્રગટ થવી જોઈએ એ પણ થતી નથી !!

આઠ વર્ષની કે બે વર્ષની બાળકીને ઉપાડી જઈ પુરુષ પોતાની વાસના બળાત્કારથી પુરી કરે ત્યાં કઈ બીજી આશા રાખી શકાય ? નારી શક્તિ સ્વરુપા અને નારાયણી હોવાની વાતો કરતા કરતા આપણે દંભી સમાજ બધી જ મર્યાદાઓ ઓળંગી ગયો છે. જેને અભ્યાસ કરવા મેગા સિટીમાં માબાપે મોકલી હોય તેવી યુવતીઓ સ્વયંના માર્ગને ભ્રષ્ટ કરે છે અને લાગણીઓ કે ભાવનાઓના ચક્રવ્યૂહમાં છેવટે પોતાની તબાહી કરે છે જેની જાણ માતાપિતાને હોતી નથી આ આપણી પ્રગતિની ફળશ્રુતિ છે ! આજની નારી પણ વધુ આક્રમક અને સ્વચ્છંદી બની રહી છે કારણ કે હવે એ વધુ શિક્ષિત થઈ છે. પુરુષને મન સદાય નારી હૈયે નજીક હોય છે કેમ કે તેને જન્મ આપનાર એક મહિલા છે ! નારીથી સૃષ્ટિ સકળ જીવવા જેવી બને છે જે સદા સ્નેહ માટે ઝંખના કરે છે પણ આડંબર અને ડોળમાં જીવતો સમાજ તેના તરફ વાસનાસભર દૃષ્ટિથી જ જોવે છે અને બીજી તક મળે તો પ્રેમના નામે શોષણ કરે અથવા અંતે બળાત્કાર કરવા ખેંચાય જાય છે. બળાત્કાર માટે સમાજની ગંદી માનસિકતા જ જવાબદાર છે અને ઈન્ટરનેટ આવ્યા બાદ સ્થિતિ વધુ વણસી ગઈ છે. હવે કોઈને કાયદાનો ભય નથી. શ્રીમંત અપરાધી બધુ મેનેજ કરી લેતો ગરીબ હોય તો સજા માટે તૈયાર હોય છે. ગેંગરેપના કિસ્સાથી ભારતની શાન ઘટે છે. બંધુત્વ, ભાઈચારો, કરૂણાને કોણ વિચારે છે જયારે મગજમાં નારી ભોગવવાનું શિખવું પડશે, પ્રલોભનથી બચવું પડશે, બાકી તો દરેક પુરુષ આગ પાસે પીગળવું ઘી જ હોય છે. સંસ્કારિતાનું જતન એ ધીમી પણ મક્કમ પ્રક્રિયા અવરિત ચાલે છે પરંતુ સમયના પરિવર્તનમાં હવે પરિવાર પાસે સંતાનો માટે પ્યાર આપવામાં કમી આવી છે. હાલની સ્થિતિ ચિંતાકારક છે પ્રત્યેક વ્યક્તિએ જાગૃત થવું પડશે. એક શૅર સમજવા જેવો છે.

આ અંતરને વલોવતું એક તારણ નિકળ્યું

માનવીનું ભેજુ જ માણસાઈનું મારણ નિકળ્યું.

દરેક પરિવારમાં સ્ત્રીઓ એ અતિ ભોગવાદ ભૌતિકવાદથી પણ બચવું જરૂરી છે. જે ઘણીવાર તેને જાતીય શોષણ તરફ લઈ જાય છે, આખું વિશ્વ પ્રતિદિન તરંગી, વ્યસની, બે-લગામ, બનતું જાય છે માટે હવે દરેકે સ્વયં માટે કાળજી લેવાની નોબત આવી છે. કાનૂનથી પણ ભય તીવ્ર બનાવી શકાય છે તેમાં ધઅયાન વધુ આપવું પડશે.

**શેર આસ્વાદ :**
**અઢળક પત્રો લખાયા આપણી વચ્ચે**
**બસ એક કંકોત્રી ની ખોટ રહી ગઈ !**